R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 03 DATE: 18-01-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ, નારાયણનન્ત પાલડી, અમદાવાદ-૭



## નવા વર્ષની સંધ્યાએ ઇજીપ્તમાં ગોળીબરમાં ઘાયલ કોપ્ટનું મૃત્યુ

મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાઓ દ્વારા ખ્રિસ્તીઓને ગોળી મારી મારી નખાય છે અને ધાયલ થયેલાઓને સારવાર આપવામાં આવતી નથી.આવી જ એક ઘટનામાં કોપ્ટીક ક્રિશ્ચિયનને ગોળી મારવામાં આવી હતી અને સારવારના અભાવે તેનું નવા વર્ષની સંધ્યાએ મૃત્યું થયું હતું.તેને માથામા ગોળી વાગી હતી અને કેરોની ત્રણ હોસ્પીટલમાં સારવાર માટે લઇ જવાયો હતો પરંતુ આ વ્યક્તિને અપુરતી સારવાર મળી પરિણામે તેનું મૃત્યુ થયું હતું. ઈબાહ ઘટીઆસ ૨૩, જેને માર ગીરગીસ સેંટ ચર્ચની બહાર ગોળી મારવામાં આવી હતી.આ ચર્ચ એઈન શામ્સ,કેરો વિસ્તારમાં આવેલ છે જ્યાં માસ પત્યા પછી આ કોપ્ટ ખ્રિસ્તી ઘેર જઈ રહ્યા હતા ત્યારે મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાએ ગોળી મારી હતી.

માસપીયરો યુથ યુનિયન,કોપ્ટીક એકટીવીસ્ટ ગ્રુપ છે તેમના જણાવ્યા પ્રમાણે મુસ્લીમ બ્રધરહુડના કાર્યકર્તાઓ ચર્ચની બહાર વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. ત્યારે ચર્ચમાંથી છુટેલ એક કોપ્ટીક ખ્રિસ્તીને આ ગ્રુપના કાર્યકર્તાએ ગોળી મારી હતી.આ એકટીવીસ્ટ ગ્રુપના જણાવ્યા પ્રમાણે ધાયલને સારવાર અપાઇ નહોતી તેથી તેનું મૃત્યુ નિપજ્યું હતું.ધ જનરલ બિશપ ઓફ ધ કોપ્ટીક ઓર્થોડોક્સ ચર્ચ, યુકે તરફથી ઈજીપ્શીયન ખ્રિસ્તીઓના માફી આપવાના મુદ્દે વખાણ કર્યા હતા.તેમણે કહ્યું હતુ કે ઈજિપ્તના ખ્રિસ્તીઓએ તેમના બહિષ્કાર અને હિંસા સામે શાંતિ જાળવી છે.તેમણે વોશીગ્ટન ખાતે કોગ્રેસને સંબોધન કરતાં જણાવ્યું હતુ કે સતાવણીની સીમાઓ ઓળગાઈ ગઈ છે અને દરેક નાગરિક સાથે એક સરખું વર્તન કરવામાં આવતું નથી.તેમણે ઈજીપ્તના દરેક નાગરિક સાથે એક સરખો વહેવાર થાય તેમ કરવા માટે જણાવ્યું હતું.નોર્થ આફ્રિકન દેશો પૈકીના ૨૨માં દેશ તરીકે ઓપન ડોર્સ વર્લ્ડ વોચ લિસ્ટે ઈજીપ્તના ૨૨મું સ્થાન આપ્યું છે. સતાવણી કરનારા દેશો તરીકે હવે તેની ઓળખ આપવામાં આવી છે.આ દેશમાં પોતાના ધર્મમાં આસ્થા માટે ૮૩ ખ્રિસ્તીઓએ ગત વર્ષે પોતાના જાન ગુમાવ્યા છે. પરંતુ હજુ આશા છે કે આ દેશમાં ફરીથી પરિસ્થિતિ સામાન્ય બનશે.

## આર્ચ બિશપ વિન્સંન્ટ નિકોલસે યુકે ઇમીગ્રેશન કાયદા બાબતે નારાજગી પ્રદર્શિત કરી



આર્ચબિશપ ઓફ વેસ્ટમિનિસ્ટર, યુકે બિશપ વિન્સંટ નિકોલસે યુકે દ્વારા ઈમીગ્રેશન કાયદામાં છતી થયેલ કેટલીક બાબતોએ પોતાની નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે દંપતિની એક વ્યક્તિ યુકેની હોય અને બીજી વ્યક્તિ નોન ઈયુની પાર્ટનર બનેલ હોય તો નોન ઈયુની વ્યકિતને ત્યારેજ ઈમીગ્રેશન મળી શકશે જો તેમનો પાર્ટનર યુકે મા ૧૮,૬૦૦ ૨પાઉન્ડ કમાતો હોય.આ નવા ઈમીગ્રેશન કાયદાને કારણે બ્રીટશ નાગરિકોને અસુવિધા થઈ છે.તેવું આર્ચબિશપ નિકોલસે ગાર્ડીયનને જણાવ્યું હતું.

કૌટુંબિક જીવનને અત્યત મહત્વનું સ્થાન બ્રિટીશ સોસાયટી દ્વારા આપવામાં આવ્યું છે.કેથોલક ટ્રેડીશન પ્રમાણે પણ આ જ બાબતનો સ્વીકાર કરાયો છે.આ નવા કાયદાને કારણે બ્રિટીશ નાગરિકોને આ સિધ્ધાન્તો અને તેના મુલ્યોનો લાભ મળી શકશે નહી.આ ઈમીગ્રેશન કાયદાનું અસ્તિત્વ જુલાઈ ૨૦૧૨માં આવ્યું.અને તેની અસરો ૧૭૮૦૦ કુટુંબોએ ભોગવવી પડી છે.જેથી બાળકોની માવજત માંબાપ પૈકી એકની પર આવી છે.એક કુટુંબે પોલીટીક્સ કું.ડોટ કોમને જણાવ્યું હતું કે તેમના બાળકો તેમની માતાને હવે કોમ્પ્યુટર મમ્મી તરીકે ગણે છે. કારણકે તેઓ તેમની માતાને વિડીયો કોલ સ્કાઈપે દ્વારા જ જોઈ શકે છે.

જેન બ્રુલી, માઈગ્રંટ રાઈટ્સ નેટવર્કના પ્રવક્તા છે તેમણે જણાવ્યું હતું કે તેમણે આર્ચબિશપની સ્વીકૃતિ લઈને ગાર્ડીયનને જણાવ્યું હતું કે ૧૮ મહીનાથી આ કાયદો બદલાયો,અને તેનાથી એક બાબત સ્પષ્ટ બની છે તે એ છે કે બાળકો માંબાપથી જુદા પડચા છે.કુટુંબ નંદવાઈ ગયું છે.બાળકો કુટુંબ વિખુટા પડી ગયા છે.અને આ કાયમી વિખુટા પડ્યા તેવી બાબત બની છે. આ બાબત બ્રિટીશ મુલ્યો સાથે મેળ ખાતી નથી.ગત સમરમાં લીબ્રરલ ડેમોક્રેટ પીયર લેડી હેમ્વીએ એક રીપોર્ટ પ્રકાશિત કર્યો હતો. તેમાં એવું જણાવાયું હતું કે આ કાયદાને ફરીથી ચકાસવો જરુરી છે.મીડીયાએ પણ આ કાયદાનો વખોડ્યો હતો.આર્ચબિશપે એવો ઉલ્લેખ કર્યો હતો કે હોમ સેક્રેટરી ટેરેસા મેરીનો ખરો ઉદ્દેશ્ય વધુ પડતુ ઈમીગ્રેશન અટકાવવું અનો તેનો સીમીત કરવું.સરકારનો પણ ઈરાદો એવો છે કે તેઓ નવા કાયદાથી યુરોપીયન યુનીયનની બહારથી ઈમીગ્રેશન પર આવતો ધસારો રોકવાનો છે.પરંતુ તેઓની એક નૈતીક જવાબદારી છે એ તેમણે ના ભુલવી જોઈએ એવું આર્ચબિશપે કહ્યું હતું.આ ઉપરાંત જેઓ જાહેર જીવનમાં પડેલા છે તેઓ સહુની નૈતીક જવાબદારી બને છે કે તેઓ આ બાબતે યોગ્ય વિરોધ કરે તેમજ ખોટા નિર્ણયોને બહાલ ન કરે.સાચા રાજકીય નેતાઓની પણ આ ફરજ બને છે.મીડીયાએ પણ આ બાબતે સાથ આપવાની જરુર છે.

આપણા દેશમાં આવતા તમામ લોકો પર અવિશ્વાસ કરવાની જરુર નથી કે તેમને ધિક્કારવાની જરુર નથી.ખરેખર એક કુટુંબની ભાવના ઉજાગર કરવાની જરુર છે.તેથી તમામ બ્રિટીશ લોકોને મારી અપીલ છે કે તોઓ આ ઈમીગ્રેશન કાયદાનો નજદીકી નજરથી જુએ અને બ્રિટીશ નાગરિકતા બાબતે તેને ખરા અર્થમાં મુલવે.

હોમ ઓફીસના પ્રવકતાએ જણાવ્યું હતું કે આ પોલીસીના અભાવે કેટલાક માંબાપોને ઈમીગ્રેશન આપવામાંથી રોકવામાં આવ્યા. કારણકે તેનાથી ટેક્સપેયરો ઉપર વધતું ટેક્સનું દબાણ નિવારવાનો પ્રયત્ન છે.

થેરેસા મેરીનો મુઝવતો પ્રશ્નએ માઈગ્રેશન રોકવાનો છે.જેથી જુદી જુદી રીતે ઈમેગ્રેશન લેવાનો પ્રયત્ન થાય છે તેની છટબારીઓ બંધ થાય.

## નોર્થ કોરીયા ધાર્મિક સતાવણીના ઓપન ડોર વર્લ્ડ વોચ લીસ્ટમાં પ્રથમ સ્થાને



ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

શશી થરુરના પત્નીનું મોત નિપજ્યા બાદ અનેક શંકા કુશંકાઓ ઉભી થવા માંડી છે.સુનંદાએ મર્યા પહેલાં કેટલાક દિવસોમાં કેટલીક વાર ટ્વીટર ઉપર કેટલીક બાબતો લખી હતી જેમાં પાકિસ્તાની પત્રકારના આઈએસઆઈના એજન્ટ હોવાનું આળ મુક્યુ હતું.જે તેમના પતિ ઉપર કબ્જો જમાવવા પ્રયત્ન કરી રહી છે.તેથી તેમની માનસિક પરિસ્થિતિ કથળી હોવાનું મુખ્ય કારણ બતાવાય છે.પરંતુ જો ખરેખર આઈએસઆઈ આવી સુંદર લલનાઓ મારફતે ભારતના ઉચ્ચ રાજદ્વારીઓને ફસાવી માહિતી ઓકાવતી હોય તો તેમા લેશ માત્ર શંકા કરવાને સ્થાન નથી.કારણકે આવો ખેલ તો વર્ષોથી અનેક દેશો એકબીજાના હરિફ દેશોમા કરતા રહ્યા છે અને માહિતીઓ મેળવીને તેનો ઉપયોગ કરી રહ્યા છે.એવા અનેક દાખલાઓ ભુતકાળમાં બહાર આવ્યા હતા.ભારતમાં આવું બની શકે છે.થોડાક દિવસોમાં અમેરિકામા ભારતના એક રાજદ્વારીના કર્મચારી ઉપર પણ જાસુસ હોવાનો આરોપ મુકાયો હતો.

---

અનુ. પાન નં.૩ નું ચાલુ

છે તથા સઘળા પ્રાણીઓના આત્મા સ્વરુપ પરમાત્મા જ જેનો આત્મા છે, એવો કર્મયોગી કર્મ કરતો હોવાં છતાં તેનાથી લેપાતો નથી ,જેને દુન્યવી કશુંજ સ્પર્શતુ નથી. સંન્યાસી આશ્રમ કે મઠ કે મંદિર બનાવતો નથી. એને તો આખુ વિશ્વ એક આશ્રમ જ હોય છે.વેદવ્યાસે મહાભારતના શાંતિ પર્વમાં કહ્યુ છે કે ‘સંન્યાસી ક્યારેય અગ્નિની સ્થાપના કરતો નથી અને ઘરે કે મઠ બનાવીને રહેતો નથી, માત્ર ભિક્ષા લેવા માટે જ ગામમાં જાય છે ‘આશ્રમો, મઠો કે મંદિરો બનાવે છે એ સંન્યાસી હોતા નથી.એ તો આશ્રમોના નામે આમદાની એકઠી કરવાવાળા હોય છે. એમને અને સંન્યાસને બાર ગાઉનુ છેટું હોય છે.આજે તો આપણે જાણીએ છીએ કે ભગવાધારીઓમાં જેટલા ઝગડા હોય છે, એટલા સંસારીઓમાં હોતા નથી.એક પણ આશ્રમ-મઠ કે મંદિર એવું નહી હોય કે જેના માટે ઝગડા ન હોય. તો લડનારા સંન્યાસી કેવા ?એમને સંન્યાસી કહેતાં આપણને શરમ આવે છે.જેને કોઈ તૃષ્ણા જ નથી,કશી જ અપેક્ષા નથી,માત્ર શાસ્ત્ર પ્રમાણે જીવે છે. એને પામીને મોક્ષનો માત્ર માર્ગ શોધે છે એ સંન્યાસી છે.

સંન્યાસી શું કરે ? ઈલ્લીસ જાતક માં કહ્યુ છે ‘ જેવી રીતે ભ્રમર ફુલના રંગ અને સુગંધને હાનિ પહોચાડ્યા વિના રસ મેળવે છે એવી રીતે સંન્યાસી ગામમાં વિચરણ કરે છે, કોઈને નડતરરૂપ બનવુ એ સંન્યાસીનુ લક્ષણ નથી પણ બીજાને મદદરૂપ બનવુ,કોઈની સેવા કરવી,કોઈને ઉપયોગી થવુ અને દરેકને સાચો માર્ગ બતાવવો એ સંન્યાસીનુ કર્તવ્ય છે. ‘આપણે જાણીએ છીએ કે સંન્યાસીનો માર્ગ ખાંડાની ધાર પર ચાલવાનો છે. સળગતા અગ્નિમાં પસાર થવાની પ્રક્રિયા છે. એમાં જે ચાલવાની ક્ષમતા ધરાવે છે એ કંઈક મેળવી શકે છે.

સંન્યાસ એ શુરાઓનો માર્ગ છે.કાયરોનુ કામ નથી.જે માણસ આસક્તિઓમાં રચ્યો પચ્યો રહેતો હોય,વાસનાઓ જેને છુટતી ના હોય, વિષયોથી અલિપ્ત થઈ શકતો ન હોય અને સ્વાદના જેને ચટકા હોય એ સંન્યાસી કેવો ? ભગવાં ધારણ કરીને નીકળી પડવાથી સંન્યાસી બની જવાતું નથી. સંન્યાસીનુ હ્રદય પણ ભગવા રંગે રંગાવુ જોઈએ. જે સાચા સંન્યાસી છે એમને ગૃહત્યાગની જરૂર નથી.ધારો કે ગૃહત્યાગ કરે તો એમને પાછળનુ કોઈ વળગણ રહેતુ નથી.જે સંન્યાસી બનીને મોહ-માયામાં લપટાયેલો રહે છે, એને નમન કરવાં એ પાપના ભાગીદાર બનવા બરાબર છે. મહાત્મા ગાંધી તો સત્યને જ ઈશ્વર માને છે. એવા લોકોના મનમાં કોઈ ધર્મના વાડા નથી હોતા.બધા જ ધર્મો સમાન હોય છે. એમણે કહ્યુ છે કે “ સંન્યાસી હિન્દુ ધર્મનો જ નહીં બધા જ ધર્મોનો છે.‘ સંન્યાસીના મનમાં ભેદભાવ હોઈ ન શકે. જ્યાં ભેદભાવ છે ત્યાં સંન્યાસ નથી.ટોલસ્ટોયે ક્યાંક નોધ્યું છે ‘ પહેલાં સોનાના સંન્યાસી અને લાકડાના કમંડળ હતા અને અત્યારે સોનાના કમંડલ અને લાકડાના સંન્યાસી છે ‘ અત્યારે કહેવાતા સંન્યાસીઓ ધન-દોલતમાં આળોટે છે. એવા સંન્યાસીઓથી દુર રહેવુ જોઈએ. કારણકે સાચા અર્થમાં એ ઠગ જ ગણાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૨૭)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૨૮૪ | ૧૨પાસ અંગ્રેજી માધ્યમ,ડીપ્લો.કોમ્પ્યુ.હાર્ડ. ઈલેક્ટ્રીશયન | ૧૯-૭-૮૫ | ૧૫૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૨૮૫ | બીઈ.આઈ.ટી. | ૨૨-૩-૮૮ | ૨૯૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૨૮૬ | મીકેનીકલ એન્જી. | ૧૭-૪-૮૬ | ૩૨૫૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૨૮૭ | બી.કોમ.કોમ્પ્યુ.આઈ.ટી. | ૧૭-૯-૭૯ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૮ | એમ.કોમ.એમએસડબલ્યુ.ડીએલપી. | ૪-૧૦-૮૩ | ૧૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૯ | બીકોમ.ડીપ્લોમા.કોમ્પ્યુ.એન્કાઉન્ટીંગ. | ૧૫-૮-૮૪ | ૧૬૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૮૦ | ૧૦ નાપાસ | ૨૪-૮-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૮૧ | ૧૦ નાપાસ | ૧૧-૯-૮૦ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૮૨ | બીએ.એમ.એ.બીપીએડ | ૩૧-૮-૭૭ | ૯૪૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૮૩ | ૧૨ પાસ.આઈટીઆઈ ફીટર | ૧૯-૪-૮૪ | ૮૫૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૫૮૪ | બી.એ. | ૩૦-૬-૬૫ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૮૫ | ડીપ્લો.ઈન ફાઈનઆર્ટ્સ.એમ.એ.હિન્દી. | ૧૦-૧-૮૦ | ૨૩૦૦૦ | સા.આમી. | કુંવારા |
| ૫૮૬ | એમએ.બીએડ.(ગુજરાતી-સંસ્કૃત) | ૧-૧-૬૮ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૮૭ | ૧૨ પાસ.કોમ્પ્યુ.ઓપરેટર,કોપા પોગ્રામીંગ | ૨૭-૬-૮૮ | ૪૭૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૮૮ | બીઈ કેમીકલ | ૧૭-૯-૮૨ | ૨૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૮૯ | ૧૨ પાસ | ૨૩-૧૦-૭૫ | ૬૦૦૦ | અલાયન્સ | કુંવારા |
| ૫૯૦ | ૧૨પાસ.આઈટીઆઈ(ઈલે.)ડીસીએ કોમ્પ્યુ. | ૧૦-૮-૭૫ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૯૧ | એમકોમ.એમબીએ | ૨૬-૧૦-૮૭ | ૨૯૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૯૨ | એમ.એ. | ૨૨-૨-૮૯ | ૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૬૭ | બીએ ડબલ(ગુજરાતી-ઈતિહાસ) | ૧૯-૮-૭૦ | ૧૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| | એમટીઆઈ,ટર્નરફીટર ૨વર્ષ ૧૦પાસ | ૧૨-૧૦-૮૨ | ૬૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૭૨ | બીએ કોમ્પ્યુ.કોર્ષ.નર્સીંગ ૧ વર્ષ | ૧૯-૯-૭૯ | ૧૨૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૭૩ | એમબીએ | ૩૧-૧૨-૮૧ | ૨૫૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૭૪ | બીએ.આઈટીઆઈ ટીવીકોર્ષ | ૧-૭-૭૭ | ૧૬૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૯ | ૧૦ પાસ વિકલાંગ | ૨૦-૧-૮૦ | ૬૦૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૨૦ | એમ.એ. | ૯-૧-૮૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |

## ★ યુવતીઓ (૨૭) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮૭ | એમએસડબલ્યુ ડીએલપી.પીએચડી ચાલુ. | ૨૫-૧૦-૭૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૮ | બીઝનેસ મેનેજ.ડીપ્લો.એવીએશન(ન્યુઝીલેન્ડ) | ૩-૧-૮૭ | ૧૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૮૯ | એમએ(ઈંગ્લીસ)એમ.એ(માસ કોમ્યુ.) લંડન | ૧૫-૧૧-૮૪ | ૧ લાખ | સીએનઆઈ | કુંવારા |
| ૨૯૦ | એમસીએ | ૨૮-૩-૮૦ | ૩૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૯૧ | ફીજીયોથેરાપી,ડીપ્લો.એવી.હોસ્પી.એન્ડ ટ્રાવેલ | ૨૪-૧૦-૮૫ | ૧૮૦૦૦ | સાલ્વે. | કુંવારા |
| ૨૯૨ | જીએનએ(અંગ્રેજી) | ૫-૧૨-૮૯ | ૧૧૫૦૦ | સાલ્વે. | કુંવારા |
| ૩૮૦ | બીએ પીજીડીસીએ. | ૧૦-૭-૮૦ | ૧૪૪૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૧ | એમ.એ.બી.એડ.એમ.ફીલ. | ૨૭-૧૨-૭૩ | ૭૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૨ | એમએસસી.કેમીકલ્સ.રીટેલશોપ મેનેજ.કોર્ષ | ૧૫-૪-૭૮ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૩ | બીકોમ.કોમ્પ્યુ.એકાઉન્ટસ ટેલી. | ૪-૧૧-૮૩ | ૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૮૪ | બીએ.બીએડ.વીથ પીજીડીસીએ | ૨૭-૧-૮૮ | - | આર.સી. | કુંવારા |
| ૩૮૫ | એમએ.એમએડ.પીએચડી ચાલુ. | ૧૮-૬-૭૯ | ૪૫૦૦૦ | - | |
| ૩૮૬ | એમએ બીએડ.એમએસડબલ્યુ. ચાલુ | ૩૧-૮-૭૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૮૭ | પીટીસી | ૨૬-૧૨-૯૦ | ૪૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૮ | ૧૨પાસ,૧વર્ષ નર્સીંગ કોર્ષ | ૯-૮-૮૪ | ૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૮૯ | ૧૨ પાસ.૬માસ નર્સીંગ કોર્ષ | ૧૯-૪-૮૬ | ૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૯૦ | એમ.એ.ગુજરાતી (વિકલાંગ) | ૨૭-૯-૭૮ | ૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૧૭ | એ.એન.એમ( બેવર્ષ) | ૨૫-૧૧-૭૯ | ૧૬૫૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૧૮ | ૧૦ પાસ | ૧-૪-૫૯ | ૬૦૦૦ | મેથો. | વિધવા |
| ૧૧૯ | બીએસસી(માઈક્રો) | ૩-૮-૭૫ | ૮૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૨૦ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૬-૮-૮૬ | ૯૫૦૦ | મેથો. | છુટાછેડા. |
| ૧૨૧ | એમકોમ.બીએડ | ૩-૫-૮૧ | - | આઈ.પી | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઈલાલભાઈ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

E.mail :salem-bhailalbhai@yahoo.com

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)visit by appointment only

# આસીયા બીબીનો પોપ ફ્રાંસિસને પત્ર " માત્ર ઇશ્વર જ મને મુક્ત કરી શકશે "



પાકિસ્તાની કેથોલીક મહિલા જેને ધર્મનિંદાના આરોપોસર મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી છે તેણીએ નામદાર પોપ ફ્રાંસિસને એક પત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું કે માત્ર ઈશ્વર જ મને મુક્ત કરી શકશે.

કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ફિલિપાઈન્સ ન્યુઝ સર્વીસ(સીબીસીપી)ને આશીયા બીબીએ જણાવ્યું હતુ કે હું માનું છું કે પ્રત્યેક ખ્રિસ્તી વ્યક્તિ ઇસુના જન્મ દિવસને ઉજવતા હશે.જેમાના ઘણા લોકો જેલમાં પણ ઉજવતા હશે.હું પણ તે પૈકીની છું જે મારા ઈશ્વરનો જન્મદિવસ મુલતાન,પાકિસ્તાનની જેલમાં ઉજવી રહી છું. તેમણે સતત એ બાબત કહી હતી કે માત્ર ઈશ્વર જ મને અહીંયાથી મુક્તિ આપી શકશે.તેણીએ રીનેઈસન્સ એજ્યુકેશન ફાઉન્ડેશનો આભાર વ્યક્ત કરતાં કહ્યું હતુ કે મારા માટે મારા પતિ અને મારા બાળકો સાથે નાતાલનો આનંદ માણવાનું તેમના દ્વારા શક્ય બન્યું હતું. તેઓ મારા પતિ અને બાળકોને મુલતાન લઈ આવ્યા હતા.હું સેંટ પીટર્સના ચર્ચમાં નાતાલ સમયે તમારી સાથે પ્રાર્થના કરુ એવું ઇચ્છતી હતી પરંતુ હું ઈશ્વરમાં વિશ્વાસ રાખું છું કે તેમણે મારા માટે પ્લાન કર્યો હશે. તો તે આવતા વર્ષે કદાચ શક્ય બને.તેવું તેમણે પોપ ફ્રાંસિસને જણાવ્યું હતું.

આશીયા બીબી તેમની સામે અપીલની કાર્યવાહી પુરી થાય તે જોવા આતુર છે.સાડા ચાર વર્ષથી આ કાર્યવાહી ચાલે છે તે પુરી થાય ત્યાર બાદ તેનો નિવેડો આવશે.ખેત મજુર તરીકે જુન ૨૦૦૯મા કામ કરતી આ મહિલાને તેણીના સહકાર્યકર માટે પાણી લાવવા માટે કહેવામાં આવ્યું,જે તેણીએ કર્યુ પરંતુ તેમના સાથી મુસ્લીમોએ એ પાણી પીવાની મનાઈ કરી કારણકે તેણી ખ્રિસ્તી છે તેથી તેના હાથનું પાણી પી શકાય નહી. તે અછુત કહેવાય.મુદ્દો વધુ ગરમ બનતાં તેણી પર ધર્મનિંદાનો આરોપ મુકી તેણીને જેલમાં ધકેલી દેવાઈ હતી.અને સ્થાનિક કોર્ટ દ્વારા તેણીને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી.તેણીનો કેસ વિશ્વવ્યાપી રીતે ખુબજ ચર્ચીત બન્યો પરિણામે પાકિસ્તાનના પ્રમુખે સજા માફ પણ કરી. પરંતુ હાઈકોર્ટમાં સજાની વિરુધ્ધ અપીલમાં ગયા હોવાથી હજુ સુધી તેમની અપીલ ચાલી નથી.અને તેણી કારાવાસ ભોગવી રહી છે.પરંતુ તેમણે કહ્યુ હતું કે વિશ્વભરમાંથી તેણી માટે પ્રાર્થના કરવામાં આવી છે તેના કારણે હું જેલમાં પણ જીવીત છું.

# માણસની તૃષ્ણાનો કોઇજ પાર નથી.એ હંમેશા વધતી જ રહે છે. એને રોક લગાવી શકે, એ સંન્યાસી બની શકે છે

ગીતામાં કહ્યુ છે કે ફળની ઈચ્છાથી કરાતાં કર્મોના ત્યાગને જ્ઞાનીઓ 'સંન્યાસ ' કહે છે. અને સર્વ કર્મોના ફળના ત્યાગને વિવેકીઓ 'ત્યાગ' કહે છે. માત્ર વાસનાના કર્મોનો ત્યાગ પુરતો નથી, પણ જે ફળ મળ્યુ છે અથવા મળવાનું છે, એનો પણ ત્યાગ થવો જોઈએ.માણસના મનમાં કોઈપણ વસ્તુની ઈચ્છા થાય, ભોગ કે સ્વાદ માટે થોડી પણ લાલસા જાગવી જોઈએ નહીં. માણસની તૃષ્ણાનો કોઈજ પાર નથી.એ હંમેશા વધતી જ રહે છે. એને રોક લગાવી શકે, એ સંન્યાસી બની શકે છે.જો કે કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવો એ મોટી બાબત નથી.પણ એના વિશેની સાચી સમજ જ્ઞાન થવુ જોઈએ. લોભને થોભ હોતો નથી.માણસ જેમ વધારે ભેગુ કરી એમ એની ઈચ્છા વધતી જાય છે.મન કાબુમાં રહેતુ નથી. કેટલાંક લોકો તો પોતાના લોભને પુરો કરવા માટે ભગવાં ધારણ કરતાં હોય છે. એ સંન્યાસી નહી. પણ બદમાશી કરતાં હોય છે.જ્યારે બધી વસ્તુઓ પ્રત્યેની ઈચ્છા મનમાં ન રહે ત્યારે સંન્યાસ લેવો જોઈએ.નહીતર માણસ પાપી બની જશે.સંન્યાસીના મનમાંથી મોહમાયાનો કચરો સાફ થઈ જવો જોઈએ. જેના કાબુમાં બાહ્ય કે આંતરિક ઈન્દ્રીયો જ ન હોય એ સંન્યાસી બનીને શું કરે ? આજે મોટા ભાગે ભગવાં વસ્ત્રોનાં ઓઠા નીચે પોતાની ઈચ્છાઓની તૃપ્તિ કરતાં હોય છે. થોડા સમય માટે,સંસાર અસાર છે.એવી ભાવના પ્રબળ બને,એવા સમયે સંન્યાસી બની જવાથી શું વળે ?સંન્યાસ તો આંતર ચેતનામાંથી પ્રગટવો જોઈએ. કેટલાંકને 'સ્મશાન વૈરાગ્ય'થતો હોય છે.પણ એના કારણે બાવાનાં બેય બગડતાં હોય છે.

જે બુધ્ધિશાળી છે, એ સમજપુર્વક કાર્ય કરતો હોય છે. જ્યાં સુધી એને જ્ઞાન ન થાય, એષણાઓથી અલિપ્ત ન બને,મનને કાબુમાં રાખી ન શકે ત્યાં સુધી તેને સંન્યાસી બનવાનો શો અર્થ ? પ્રવૃત્તિ કર્મનુ લક્ષણ છે. જ્ઞાન સંન્યાસનુ લક્ષણ છે. તેથી જ્ઞાનને પ્રાથમિકતા આપીને બધ્ધિશાળી સંન્યાસ ગ્રહણ કરે છે. સમજ વગરનો સંન્યાસ એન્જિન વિનાની ગાડી જેવો છે. સંન્યાસી તો સંયમી હોવો જોઈએ. એ મનનો, વચનનો,કાયાનો અને જરૂરીયાતોનો સંયમી જોઈએ. કોઈ અપેક્ષા ન હોય,ભોગવવાની ઈચ્છા થવી ન જોઈએ. એક વાત દીવા જેવી છે કે,જેને સત્ય સમજાઈ જાય છે, સંન્યાસનો ઉત્કટ ભાવ અંદરથી પ્રગટે છે.એ સંસારમાં રહી શકતો નથી. જેસૌની વચ્ચે હોય, પણ એમાંથી એને કંઈ જ સ્પર્શતુ ન હોય,કોઈએ સાચુ કહ્યુ છે કે જે બ્રહ્મચારી રહ્યો નથી, ગૃહસ્થ બન્યો નથી, જેને વાનપ્રસ્થ ગ્રહણ કર્યુ નથી તે સંન્યાસી કેવી રીતે બની શકે ?સંન્યાસી બનવા માટેના જે પગથિયા છે, એ જે ચડયો જ નથી એને સંન્યાસ કેવો ?

ગાંધીજીએ કહ્યુ છે 'સંસારમાં રહેતો હોવા છતાં સેવા-ભાવ અને સેવા માટે જ જે જીવે છે એ સંન્યાસી છે 'પરોપકાર એ મોટી સેવા છે. જેના મનમાં કોઈ પણ પ્રકારના બદલાની ભાવના હોતી નથી, કંઈ મેળવવાની અપેક્ષા હોતી નથી,છતાં પણ જે સેવા કરે છે,કોઈની કકળતી આંતરડી ઠારે છે, એ સંન્યાસી જ કહેવાય ને ?જે મન વચન અને કર્મથી શુધ્ધ છે, દગાખોર નથી, અનિષ્ટ કે અનીતિ કરતો નથી,જુઠ્ઠુ બોલતો નથી, નમ્ર છે, પ્રેમથી સૌની સાથે જીવે છે,વિનય વિવેક જેનામાં ભારોભાર છે , બીજાના દુઃખે દુખી થાય છે, જે બીજાના આંસુ લુંછવામાં અગ્રેસર હોય છે. એ સંન્યાસી છે.

મહાભારતમા કહેવાયુ છે કે 'જે માણસ ન તો કોઈનોય દ્વેષ કરે છે કે ન તો કશાની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સંન્યાસી જ સમજવા યોગ્ય છે, કેમકે રાગ દ્વેષ વગેરે દ્વન્દો વિનાનો માણસ સુખપુર્વક સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. 'જેને કોઈ પણ પ્રકારના બંધન નડતાં નથી. એ સંન્યાસી છે.જેના મનમાં કોઈના પ્રત્યે તિરસ્કાર કે ધિક્કારની લાગણી નથી.ગીતામાં કહેવાયુ છે કે કર્મયોગ વિના સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.જેનુ મન પોતાને વશ છે, જે જિતેન્દ્રીય છે, જેનુ અંતઃકરણ વિશુધ્ધ

અનુ. પાન નં. ૨ ઉપર


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિંત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# "વાડાને તોડો અભિયાન" ૩૦૦૦ એનજીઓ ચેન્નાઇમાં ડેવલપમેન્ટ એજન્ડા માટે એકઠા થશે




ભારતભરના ત્રણ હજાર એનજીઓ અને ડેવલપમેન્ટ ઓરગેનાઈઝેશનો દ્વારા વાડા તોડો અભિયાન શરુ કરવામાં આવી રહ્યું છે. ચેન્નાઇ ખાતે ગત મહિને આ બાબતની ચર્ચા માટે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

સીવીલ સોસા. ઓરગે.દ્વારા ૧૨ ડિસે.સ્ટેટ કન્વેન્શન યોજાયું.જેમાં તામીલનાડું જોઈન્ટ કમિટિએ ૨૦૧૫નો ડેવલપમેન્ટ એજન્ડા રજુ કર્યો.જેમાં તેમણે રાજ્ય સરકારને ગરીબી અને સામાજીક કુરીવાજોની સામે લડત આપવાની હાકલ કરી હતી.

આ ઈવેન્ટમાં પેનલ ડીસ્કશન વિવિધ મુદ્દાઓ પર થયું.જેમાં ફાધર અરુલદાસ,ડાયરેકટર,તામીલનાડું સોશ્યલ સર્વીસ સોસા.એ ઉદઘાટન સંબોધન કર્યું હતું.ત્યાર બાદ ડો.વી. વસંથીદેવી ( ભુતપુર્વ સ્ટેટ પ્લાનીંગ કમિશન સભ્યએ પણ સંબોધન કર્યું હતું.પેનલ ડીસકશનમાં શિક્ષણ,હેલ્થ, બાળપણ,સારી સરકાર,લઘુમતીઓ અને મજુરોના અધિકારો વિગેરે પર ચર્ચાઓ કરવામાં આવી હતી. તામીલનાડુ પીપલ્સ ચેપ્ટર ફોર હ્યુમીનીટી દ્વારા આ પ્રસંગે નોટ પ્રસિધ્ધ કરવામાં આવી હતી.આ આવેદન મારફતે સરકારને જાગૃત કરી શકાય તેમજ સરકારી યોજના ચાલતી લુપોલને ઉઘાડી પાડી શકાય જેથી સમાજને થતા ગેરફાયદાઓ અટકાવી શકાય

શ્રી રેની જેકોબ, નેશનલ એડવોકેસી ડાયરેકટર,વર્લ્ડ વિઝન ઈન્ડીયા અને સભ્ય ડબલ્યુએનટીએ કેમ્પેન,સ્ટીયરીંગ ગ્રુપે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં લોકોનો સહકાર મળી રહ્યો છે.તેને આપણે રાજકીય પક્ષો સુધી લઈ જવાનો છે.જેથી પોલીટીકલ લીડરો જ્યારે પોલીસી બનાવવાની હોય ત્યારે અગત્યનો ભાગ આ જાણકારી દ્વારા ભજવી શકે.તેમણે કહ્યું હતું કે તેમનો અવાજ માત્ર સંભળાશે જ નહી પરંતુ તેની પર યોગ્ય કાર્યવાહી પણ કરવામાં આવશે.આપણું સ્વપ્ર હકીકતમાં રુપાતર પામશે.મુળભુત સ્તરે જ્યાં આ કાર્ય કરવાનું છે તે બાબતે ફા.થોમસે કહ્યું હતું કે આ કાર્યક્રમ દ્વારા નીચલા સ્તરે કાર્ય કરતા લોકોનો ઉત્સાહ વધશે.તેઓ ઉત્તરોત્તર સાચા પ્રશ્નોના જવાબ શોધશે.અડધા જે જવાબો મળતા હતા તેની જગ્યાએ પુર્ણ જવાબો મળી શકશે.તેથી તકો ઉજળી બનશે.મીલેનીયમ ડેવલપમેન્ટ ગોલ સિધ્ધ કરવા માટે આપણે પ્રયત્નો કરવાના છે.

**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

# સુદાનમાં ચાલી રહેલ આંતર વિગ્રહમાં અસંખ્ય લોકોની હત્યા



સાઉથ સુદાનમા આવેલ પાટનગર જુબામાં અવિરત લડાઈ ચાલી રહી છે.પ્રેસિડેન્ટનું લશ્કર અને તેમના વિરોધીઓ વચ્ચે ધમાસાણ લડાઈ ચાલુ છે.જરુર છે તાત્કાલિક નિદોર્ષ લોકોની હત્યા રોકવાની. જો કે અત્યારની પરિસ્થિતિમાં એક સ્વપ્નન જેવી બાબત લાગે છે.તેને ઠારતાં સમય લાગે એમ છે.આ હિંસાની પાછળ રહેલ તેના મુળીયા વર્ષો પહેલાં નખાયેલ છે.તેની યાદો ઘણી જ દુઃખદાયક છે જે શાંતિને કબરમાં ધકેલી દે છે.જો કે દફનાવેલા ઘાઓની યાદ જતી તો રહે નહી પરંતુ ધીમે ધીમે ઘાઓની અસર ઓછી થઈ શકે છે.પરંતુ તે માટે તાત્કાલિક હૃદયના ઉંડાણથી આ ઘાને સાજા કરવા પ્રમાણિક પ્રયત્નો કરવા પડે તેમ છે.

૨૦૧૩ની અથડામણો જે હાલમાં જુબામાં ચાલી રહેલ છે .તે પ્રેસિડેન્ટ સાલ્વા કીર એ ડીક્કા અને તેમના ભુતપુર્વ પ્રેસિડેન્ટ રીક મચાર,ના ટેકેદારો વચ્ચે છે.ભુતપુર્વ પ્રેસિડેન્ટ રીક મચાર બહુ લાંબા સમયથી એક મહત્વકાંક્ષા ધરાવતો વ્યક્તિ છે.અને તેણે સત્તા મેળવવા માટે જુબામાં સતત સંઘર્ષ કર્યો છે.અને તેમા તેમના જાત ભાઈઓને જોતર્યા છે.ગત એપ્રિલ માસમાં મચાર પાસેથી પ્રેસિડેન્ટે તેમના કેટલાક સત્તાના પાવર સ્થગિત કર્યા હતા કે લઈ લીધા હતા.અને મર્યાદિત પાવર બંધારણમાં સુચવેલા છે તે પ્રમાણેના આપ્યા હતા.આ સમય દરમિયાન ખારતોમ,સુદાન,ઘર્ષણો વધુ પ્રમાણમાં ઉગ્ર બન્યા.જેમાં સરકાર સામે તેમજ નાગરિકો સામેના હતા.અશાંત પરિસ્થિતિને કારણે સરકારની આવક મર્યાદિત બની.તેથી તેની ઉપર સરકારની સબસીડી નાબુદ કરવામાં આવી.પરિણામે લોકોનો ગુસ્સો ભડકયો.ખાસ કરી ઈસ્લામીક કટ્ટરવાદીઓને આ કારણ માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા.જે પાછળથી પ્રેસિડેન્ટ ઓમર અલ બસીર ઉપર આ જવાબદારી ઠોકી બેસાડાઈ.૨૦૧૩માં આ ક્રાઈસીસે વિકૃતીની સ્થાપના કરી .મીલીટરીએ કોમ્બેટ એરક્રાફટની ખરીદી શરુ કરી તેમજ મીલીટરી બોઝ મજબુત બનાવવાનું શરુ કર્યું.તેમજ પરદેશી લોકોને મીલટરીમાં દાખલ કરવાનુ શરુ કર્યું. ખાર્તુન હવે એક લડાઈ માટેનું મેદાન બની ગયું.લડાઈ મારફતે રાજકીય અને આર્થિક પ્રશ્નોનો હલ શોધવાનો શરુ થયો.



સાઉથ સુદાનના ચર્ચ લીડરોએ એક પત્ર જારી કર્યો હતો તેમાં જણાવાયું હું કે સાઉથ સુદાનમાં ચાલી રહેલ હત્યાઓને તાત્કાલીક સરકારે રોકવી જોઈએ.તેમજ દેશમાં શાંતિ સ્થપાવી જોઈએ.આ પત્ર સુદાન કાઉન્સીલ ઓફ ચર્ચીસ દ્વારા સરકારને લખવામાં આવ્યો હતો.જેમાં તાત્કાલિક પરિસ્થિતિ ઉપર કબજો મેળવી લેવાની વિનંતી કરાઈ હતી.૫૦૦ થી વધુ લોકોની તાજેતરમાં હત્યા કરવામાં આવી છે.પ્રેસિડેન્ટ સાલ્વા કીને વફાદાર સૈનિકો અને તેમના ડેપ્યુટી રીક મેચરને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હોવાથી તેમના સમર્થકો વચ્ચે લડાઈ જારી છે પરીણામે નિર્દોષ લોકોની હત્યા થઈ રહી છે.સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સદંતર નિષ્ફળ નિવડી છે.સામાન્ય નાગરિકોમાં અસલામતીની ભાવના ઉભી થઈ છે. તેથી લોકો અન્ય સ્થળોએ સ્થળાંતર કરી રહ્યા છે.હિજરતને રોકવા પણ સરકારે પગલાં લેવા જરુરી છે.પ્રેસિડન્ટના સૈનિકો બળવાખોરોના હથિયારો લઈ લેવાની ચળવળ શરુ કરી છે.પરંતુ તે દરમિયાન મીલીટરી હેડકવાટર પર હુમલો કરવામાં આવ્યો હતો.

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.